ક્રમાંકઃ જીઆઈડીસી/વિતરણ/પોલીસી/ ૨૦
જીઆઈડીસી, વડી કચેરી, ઉદ્યોગભવન, ગાંધીનગર
તા. ૨૧ /૦૮/૨૦૧૨

# :: પરિપત્ર ::

**વિષયઃ** નિગમ ધ્વારા "જેમ છે તેમ" ના ધોરણે ફાળવવામાં આવેલ જમીન તેમજ જુદી જુદી વસાહતમાં ફાળવવામાં આવેલ પ્લોટના ક્ષતિયુકત આયોજનનાં કારણે આવન-જાવન માટે કોઈપણ પ્રકારનો એપ્રોચ ન મળી શકતો હોય તો તેવા કિસ્સાઓમાં સ્વૈચ્છિક પરત સોંપણીની નીતિમાં રાહત આપવા બાબતઃ

નિગમ ધ્વારા જેમ છે તેમ ના ધોરણે ફાળવવામાં આવેલ જમીનમાં નીચેના કોઈ એક અથવા વધુ કારણોસર તે જમીન ઉપર આવન-જાવન માટે કોઈ એપ્રોચ ન મળતો હોય તેવા કિસ્સામા તેમજ નિગમની વસાહતમાં ફાળવવામાં આવેલ પ્લોટને ક્ષતિયુકત આયોજનના કારણે આવનજાવન માટે કોઈપણ એપ્રોચ ન મળતો હોય તેવા કિસ્સામા નિગમની તા. ૧૧/૦૭/૨૦૧૨ તથા તા. ૧૬/૦૭/૨૦૧૨ ના રોજ મળેલ ૪૬૬ મી સભામાં કાર્યસૂચિ રજુ કરવામાં આવેલ જેના ઉપર ઠરાવ ક્રમાંકઃ ૧૦૬/વિતરણ/૪૬૬/૨૦૧૨ થી લેવાયેલ નિર્ણય મુજબ નીચે મુજબની કાર્યવાહી કરવાની રહેશેઃ

૧) "જેમ છે તેમ" ના ધોરણે ફાળવવામાં આવેલ જમીન નિગમ ધ્વારા સંપાદન થયેલ હોય પરંતુ તે જમીનમાં આવન-જાવન માટે કોઈપણ પ્રકારનો એપ્રોચ ફાળવણીદારને મળી શકે તેમ ન હોય તેવા સંજોગોમાં.

૨) "જેમ છે તેમ" ના ધોરણે ફાળવવામાં આવેલ જમીનની આજુબાજુની જમીન નિગમનાં કબજામાં ન હોય કે તેનું સંપાદન પણશકય ન હોય તેવા સંજોગોમાં અથવા આવું સંપાદન પડતુ મુકવામાં આવ્યુ હોય તે સંજોગોમાં

૩) નિગમની વસાહતોમાં ફાળવવામાં આવેલ પ્લોટને ક્ષતિયુકત આયોજનનાં કારણે કોઈપણ જાતનો એપ્રોચ ન મળતો હોય તેવા સંજોગોમાં

ઉપરોક્ત ઠરાવથી લેવાયેલ નિર્ણય મુજબ હવે પછી જો કોઈ ફાળવણીદાર પોતાને ફાળવવામાં આવેલ જમીન કે પ્લોટ ઉપરોક્ત કારણો પૈકી કોઈ કારણસર સ્વૈચ્છિક રીતે પરત સોંપવા ઈચ્છતા હોય તો તેવા કિસ્સાઓમાં નિગમની સ્વૈચ્છિક પરત સોંપણી અંગેની હાલની પ્રવર્તમાન નીતિ મુજબ કાર્યવાહી કરવાના બદલે ફકત તે જમીન કે પ્લોટ પેટે નિગમ ધ્વારા સરકારશ્રીને ભરપાઈ કરેલ રકમ અથવા ભરપાઈ કરવાની થતી હોય તેવી રકમ જેવી કે બીનખેતી આકાર, લીઝ રેન્ટ (જમીનનું ભાડું) તથા અન્ય કાયદાકીય વસુલાત વિગેરે રકમો બાદ કર્યા બાદ બાકીની પુરેપુરી રકમ પરત કરવાની રહેશે.

જે કિસ્સાઓમાં અગાઉની નીતિ મુજબ નિર્ણય લેવામાં આવેલ હોય તેવા કિસ્સાઓના ફાળવણીદાર આ નીતિનો લાભ મેળવવા પુનઃ દરખાસ્ત રજુ કરશે તો તેના ગુણદોષના આધારે તેવા કિસ્સાઓમાં વિચારણા કરવામાં આવશે.

ઉપરોકત કિસ્સાઓમાં કાર્યપાલક નિયામકશ્રી, મુખ્ય ઈજનેરશ્રી તથા મુખ્ય હિસાબી અધિકારીશ્રીની બનેલી સંયુકત કમિટી સમક્ષ રજુ કરવાના રહેશે, જેની ચકાસણી કમિટી ધ્વારા થયા બાદ ઉપા. અને વહી. સંચાલકશ્રી સમક્ષ આ કિસ્સાઓ નિર્ણય અર્થે રજુ કરવાના રહેશે.

આ પરિપત્રનો ચુસ્તપણે અમલ તાત્કાલિક અસરથી કરવાનો રહેશે તથા પરિપત્ર મળ્યા અંગેની પહોંચ કાર્યપાલક નિયામકશ્રી ના નામજોગ પાઠવવી.

સહી/-
**ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક**

પ્રતિ,

⇒ નિગમના તમામ અધિકારીશ્રીઓ તરફ.

⇒ પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન, અમદાવાદ તરફ જાણ સારૂ

⇒ નિગમની તમામ વસાહતોના માન્ય ઔધોગિક મંડળોના પ્રમુખશ્રીઓ તરફ જાણ સારૂ.

⇒ પ્રોગ્રામરશ્રી (એસએન્ડએ), જીઆઈડીસી, વડી કચેરી, ગાંધીનગર તરફ સદર પરિપત્ર નિગમની વેબસાઈટ ઉપર દર્શાવવાની કાર્યવાહી કરવા સારૂ.

રવાના કર્યું
N Pathak
ડી. જનરલ મેનેજર (ઈએન્ડએ)